# સત્ય-અસત્ય વચ્ચેની લડાઈમાં સચ્ચાઈની જ જીત થશે : રાહુલ

## રાહુલે બે હજાર આંગણવાડી બહેનો સાથે ચર્ચા કરી : રાયબરેલી ફેક્ટરીમાં બ્લાસ્ટના પીડિતોને મળી સાંત્વના આપી રાહુલ તરત ગુજરાત ફર્યા : મોદી ઉપર તીવ્ર પ્રહાર

અમદાવાદ,તા.૨

રાયબરેલીમાં એનટીપીસીની પ્લાન્ટમાં બોઈલર ફાટતાં ૧૮ જણાંના મોતના સમાચાર મળતાં જ કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી ગઈકાલે તાત્કાલિક ગુજરાત પ્રવાસ પડતો મૂકી પીડિતોની મુલાકાતે પહોંચ્યા હતા. રાહુલ ગાંધી પીડિત પરિવારોને રૂબરૂ મળી તેમને આશ્વાસન-સાંત્વના આપ્યા બાદ આજે ફરી ગુજરાત પરત ફર્યા હતા અને દક્ષિણ ગુજરાતના વલસાડ સહિતના ક્ષેત્રોમાં તેમનો ચૂંટણી પ્રવાસ આગળ ધપાવ્યો હતો. રાહુલ ગાંધીએ બે હજાર જેટલી આંગણવાડી બહેનો સાથે રૂબરૂ મળી ચર્ચા કરી તેમને હૈયાધારણ આપી હતી કે, કોંગ્રેસની સરકાર આવશે તો, શોષણ નહી પરંતુ સ્વમાન અને સ્વાભિમાન સાથે નોકરી કરી શકશો. કોંગ્રેસની સરકારમાં તેઓને આર્થિક વેતનમાં પણ કોઈ અન્યાય નહી થાય અને સરકારી ધારાધોરણ મુજબ કાયદેસર વેતન ચૂકવાશે. રાહુલે મોદી સરકાર અને ભાજપ પર આકરા પ્રહાર કરતાં જણાવ્યું કે, આ વખતે વિધાનસભા ચૂંટણીમાં પણ સત્ય અને અસત્ય વચ્ચેની લડાઈ છે અને કોંગ્રેસ પાસે સત્ય(સચ્ચાઈ) સિવાય બીજું કશું જ નથી, તેથી સત્યનો જ વિજય થશે અને અસત્ય પરાજિત થશે. ઈતિહાસ સાક્ષી છે કે, સત્યનો જ હંમેશા જય થાય છે. રાહુલ ગાંધીએ મોદી અને ભાજપ સરકાર પર ચાબખા વરસાવતાં જણાવ્યું હતું કે, મોદીજીએ અને ભાજપ સરકારે આદિવાસીઓને શિક્ષા, રોજગાર અને જમીન આપવાના વાયદાઓ કર્યા હતા પરંતુ તે વાયદા નિભાવી જાણ્યા નથી. મોદી સરકારે આદિવાસીઓની જમીન છીનવી છે અને તેમના માનીતા ઉદ્યોગપતિઓને ફાળવી છે. આદિવાસીઓના હક્કની જમીન, પાણી અને વીજળી ઉદ્યોગપતિઓ સુધી પહોંચ્યા છે. કોંગ્રેસની યુપીએ સરકારે મનરેગા માટે રૂ.૩૫ હજાર કરોડ ફાળવ્યા હતા, જયારે મોદીએ આટલી મોટી રકમ એકમાત્ર ટાટા નેનો પ્રોજેકટ માટે આપી દીધી પરંતુ એક નેનો ગુજરાતમાં શોધ્યે જડતી નથી. આદિવાસીઓની જમીનની સુરક્ષા અને તેમના અધિકારો ભાજપના શાસનમાં છીનવાયા છે, તેને લઈ આદિવાસી સમાજ આઘાતમાં છે. નોટબંધી અને જીએસટીને લઈને પણ રાહુલ ગાંધીએ પ્રહારો કર્યા કે, નોટબંધી અને જીએસટીના કારણે દેશની અર્થવ્યવસ્થા નષ્ટ થઈ ગઈ. ખેડૂતો, મજુરો, નાના દુકાનદાર, વેપારીઓની કમર તૂટી ગઈ. દેશનો જીડીપી બે ટકા નીચે આવી ગયો. નોટબંધી અને જીએસટીમાં બધુ બરબાદ થઈ ગયુ તો ય મોદીજી એમ કહે છે, નોટબંધી અને જીએસટીથી ફાયદા થયા છે. વાસ્તવિકતા તો એ છે કે, મોદીજીનું ગુજરાત મોડેલ તમામ તબક્કે ફેલ ગયું છે અને તેમના વિવાદીત નિર્ણયોથી દેશની જનતા અને અર્થતંત્ર બરબાદ થયા છે.



### મહાભારતનું ઉદાહરણ ટાંકતાં તાળીઓ પડી...

રાહુલ ગાંધીએ તેમના પ્રવચન દરમ્યાન એક તબક્કે મહાભારતનું ઉદાહરણ ટાંકી ભગવાન શ્રી કૃષ્ણ અને દુર્યોધન વચ્ચેનો સંવાદ રજૂ કર્યો હતો. રાહુલ ગાંધીએ જણાવ્યું કે, ભગવાન શ્રીકૃષ્ણએ દુર્યોધનને પાંડવો માટે પાંચ ગામ જમીન માંગી હતી પરંતુ દુર્યોધને સોંયની અણી જેટલી જગ્યા આપવાની ઘસીને ના પાડી દીધી હતી. આજે પણ સ્થિતિ કંઈક આવી જ છે. છેલ્લા ૨૨ વર્ષોથી મોદીજી અને ભાજપ સરકારે ગુજરાતની જનતા પાસેથી તેમના અધિકારના જમીન, પાણી અને વીજળી લીધા અને બદલામાં શિક્ષણ, રોજગારી અને આરોગ્ય આપવાના વાયદા કર્યા હતા પરંતુ આપ્યુ કશુંય નહી. દુર્યોધન અને કૌરવો પાસે મોટી સેના હતા, અસ્ત્ર-શસ્ત્ર હતા, મહાન યોધ્ધાઓ હતા, સામે પાંડવો પાસે કશું ન હતું. મોદીજી પાસે કેન્દ્રની દિલ્હી સરકાર છે, વિશાળ સત્તાઓ છે, ગુજરાતની સરકાર છે, ઉત્તરપ્રદેશની સરકાર છે, છત્તીસગઢની સરકાર છે, મહારાષ્ટ્રની સરકાર છે પરંતુ અમારી પાસે માત્ર સચ્ચાઈ છે(સત્યની તાકાત છે). અમારે બીજી કોઈ વાતની જરૂર નથી. આ સચ્ચાઈ દરેક આદિવાસી, ખેડૂત, મજૂર, દલિત, પાટીદાર, ગુજરાતીના દિલમાં છે અને આવનારી ચૂંટણીમાં આ સચ્ચાઈનો વિજય થશે. રાહુલ ગાંધીનું આ આધ્યાત્મિક રસમાં તરબોળ રાજકીય ઉદાહરણ સાંભળી વિશાળ જનમેદનીએ ચિચિયારીઓ પાડી, તાળીઓના ગડગડાટથી તેને વધાવી લીધુ હતું.

# પદ્માવતી ફિલ્મનો મુદો આચાર સંહિતાનો નથી : જન વિકલ્પ

## પદ્માવતીના નિર્માતાઓ અને ભાજપને જનવિકલ્પના ઉપપ્રમુખની ખુલ્લી ચેતવણી- પદ્માવતીને અટકાવો નહીંતર ક્ષત્રિય-રાજપૂતોને બધુ જ બંધ કરતા આવડે છે

ગાંધીનગર,તા.૨

જન વિકલ્પ પાર્ટીના કેપ્ટન શંકરસિંહ વાઘેલાએ બોલીવુડની ફિલ્મ પદ્માવતી પ્રકરણમાં સૌથી પહેલાં વિરોધ નોંધાવ્યા બાદ હવે ભાજપે પણ પદ્માવતી ફિલ્મ પ્રકરણમાં ઝંપલાવતાં તેની આકરી ટીકા કરીને જણાવ્યું કે ભાજપે પદ્માવતી ફિલ્મને રજૂ થતી અટકાવવા ચૂંટણી પંચને પત્ર લખીને માંગ કરી છે. પરંતુ સમસ્ત ક્ષત્રિય સમાજનું ઘોર અપમાન કરનાર પદ્માવતી ફિલ્મને રજૂ થતી અટકાવવામાં ચૂંટણી પંચ કયાંય ચિત્રમાં આવતું જ નથી. આ ફિલ્મને આચાર સંહિતા સાથે સંબંધ હોય તો જ ચૂંટણી પંચે તેમાં દરમ્યાનગીરી કરવી પડે પરંતુ આ સમગ્ર મામલો કાયદો અને વ્યવસ્થાનો છે.આ ફિલ્મમાં ક્ષત્રિય સમાજની સતી મહારાણીને ખૂબ જ ખરાબ અને વિકૃત રીતે ચીતરવામાં આવી છે અને આ ફિલ્મ જો રજૂ થાય તો ગુજરાતના સમામ ક્ષત્રિયોનો રોષ ફાટી નિકળે તેમ હોવાથી સંભવિત હિંસાના બનાવ સાથે જોડાયેલી બાબતને ભાજપ ચૂંટણી પંચ સાથે સાંકળીને ગુજરાતના સમસ્ત રાજપૂત અને ક્ષત્રિય દરબાર સમાજને ગેરમાર્ગે દોરી રહ્યું છે. ભાજપ ચૂંટણી પંચને શા માટે વચ્ચે લાવી રહ્યું છે તે સમજી શકાય તેમ છે કેમ કે ભાજપ આ ફિલ્મના રીલીઝના પગલે ગુજરાતમાં સર્જાનાર ગંભીર પરિસિથિતિથી વાકેફ છે પણ ભાજપના લોકો પોતાની આદત પ્રમાણે હિંસાના બનાવોને રોકશે નહીં અને ચૂંટણી પંચનું લઠ્ઠુ નાંખીને ગુજરાતના લોકોને બેવકૂફ બનાવી રહ્યું છે. તેમણે કહ્યું કે ગુજરાતમાં અને કેન્દ્રમાં ભાજપની સરકારો છે. ફિલ્મને મંજૂરી આપનાર સંસ્થા સેન્સર બોર્ડમાં પણ ભાજપના જ લોકો બેઠા છે.

ગુજરાતના ક્ષત્રિયો સહિત દેશ આખાના રાજપૂત સમાજનું અપમાન કરનાર પદ્માવતી ફિલ્મને રીલીઝ થતી અટકાવવાની તમામ સત્તા ભાજપ પાસે છે ત્યારે ચૂંટણી પંચને વચ્ચે લાવવાની કોઈ જ જરૂર જણાતી નથી. ભાજપ વહેલામાં વહેલી તકે આ ફિલ્મનું પ્રસારણ થતું અટકાવે નહીંતર ગુજરાતના ક્ષત્રિયોને આ ફિલ્મને રજૂ થતી અટકાવતાં આવડે છે. અમારી હજૂ પણ માંગ છે કે ફિલ્મના નિર્માતા આ ફિલ્મ ક્ષત્રિય સમાજના આગેવાનો બતાવે જો તેમ નહીં થાય તો ગુજરાતમાં એક પણ સિનેમાહાઉસ સલામત નહીં રહે અને તે માટે ફિલ્મના કર્તાહર્તાઓની જેમ ભાજપના લોકો પણ જવાબદાર રહેશે.

# આ ચૂંટણીમાં હું કોઈ જ પક્ષમાં જોડાવાનો નથી : જિગ્નેશ મેવાણી

અમદાવાદ,તા.૨

રાષ્ટ્રીય દલિત અધિકાર મંચના સંયોજક જીજ્ઞેશ મેવાણીએ આજે એક મોટી જાહેરાત કરી છે. તેમણે જણાવ્યું છે કે તે ૨૦૧૭ની ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં કોઈ પણ પક્ષમાં નહીં જોડાય. ઉલ્લેખનીય છે કે જીજ્ઞેશ મેવાણીને કોંગ્રેસમાં જોડાવાનું આમંત્રણ કોંગ્રેસના પ્રમુખ ભરતસિંહ સોલંકીએ આપ્યું હતું. અને નવસર્જન યાત્રામાં જ્યારે રાહુલ ગાંધી ગુજરાતની ત્રણ દિવસની મુલાકાતે આવ્યા છે ત્યારે તેમને મળવાની વાત પણ ચર્ચાઓમાં હતી. પણ તે પછી આજે જીજ્ઞેશ કોંગ્રેસ સમેત કોઈ પણ પાર્ટીમાં ના જોડાવાનું જણાવ્યું છે.



ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીનો માહોલ સર્જાયો છે. ત્યારે જીજ્ઞેશ મેવાણી, અલ્પેશ ઠાકોર અને હાર્દિક પટેલ આ ચૂંટણીના મહત્વના યુવા નેતા મનાઈ રહ્યા છે. અલ્પેશ ઠાકોરે પહેલાથી જ કોંગ્રેસમાં જોડાઈ ચૂક્યો છે. અને હાર્દિકે હજી કોંગ્રેસમાં જોડાવાની કોઈ સ્પષ્ટતા નથી આપી ત્યાં જીજ્ઞેશ મેવાણીએ આજે ગુજરાત વિધાનસભાની ૨૦૧૭ની ચૂંટણીમાં કોઈ પણ પક્ષમાં ન જોડાવાની વાત કહી છે. જો કે ૨૦૧૭ પછી ૨૦૧૯ની ચૂંટણી પણ આવી રહી છે. અને દલિત નેતા તરીકે ફરી કોઈ પક્ષ જીજ્ઞેશને પોતાની તરફ ખેંચવાનો પ્રયાસ કરી શકે છે. જો કે હાલ પૂરતું તો જીજ્ઞેશ દલિત મુદ્દાઓ પર જ પૂર્ણ રીતે ફોકસ કરવા માંગે છે.

# મા નર્મદા પરિક્રમા સેવા સંઘ દ્વારા નર્મદા કિનારા પર મિની પરિક્રમાનું આયોજન

ગાંધીનગર, તા. ૨

મા નર્મદા કિનારે પરમ પૂજ્યશ્રી રંગઅવધૂત મહારાજશ્રીની ૫૦મા નિર્વાણ પદ નિમિત્તે ગુજરાતના નર્મદા કિનારા પર મિની પરિક્રમાનું આયોજન કરવામાં આવ્યું છે.

પરમ પૂજ્યશ્રી રંગઅવધૂત મહારાજશ્રીના ૫૦મા નિર્વાણ પદ નિમિત્તે મા નર્મદા સેવા સંઘ દ્વારા તા. ૨૭-૧-૨૦૧૮ થી ૧૬-૨-૨૦૧૮ દિન-૨૦ની મા નર્મદા કિનારાના તીર્થોને સાંકળીને નારેશ્વર, માલસર, અનસુયાજી, ચાંદોદ, કરનારી, તિલકવાડા, ગરૂડેશ્વર, રાજપીપળા, પોઈચા, ઉમલ્લા, વેળુ, અછાલીયા, ભાલોદ, અંકલેશ્વર, વિમલેશ્વર, ભરૂચ, ભાડભૂત, નિલકંઠેશ્વર મહાદેવ, ઝાડેશ્વર થઈને નારેશ્વર સુધીની પરિક્રમાનું આયોજન કરેલ છે. આ પરિક્રમામાં જોડાવનાર નર્મદા ભક્તોએ તા. ૧૫-૧૨-૨૦૧૭ સુધી પ્રવેશ ફોર્મ મેળવી આપી દેવાના રહેશે. આ પરિક્રમાનો હેતુ ગુજરાતનો મા નર્મદા કિનારો મીની હરદ્વાર બને તેવી ભાવના સાથે ગુજરાત સરકારના નર્મદા મહોત્સવ નિમિત્તે નારેશ્વર ખાતે રંગાજીકી પેડી ખાતે તા. ૨૬-૧-૨૦૧૮ના રોજ મા નર્મદાનું મહાઆરતી પુજાનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. ઉપરાંત અનસુયાજી, માલસર, કરનારી, ગરૂડેશ્વર, પોઈચા ખાતે પણ મા નર્મદાનું પૂજન તથા મહાઆરતીનો કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. તો સર્વે મા નર્મદા ભક્તોએ લાભ લેવા સંસ્થા દ્વારા અનુરોધ કરાયો છે.

# એનઆઈસીએમમાં 'પ્રયાસ' અંતર્ગત વિદ્યાર્થીઓ દ્વારા સમાજોપયોગી પ્રોજેકટસ બનાવાયા

ગાંધીનગરના ઈન્ફોસીટી વિસ્તારમાં એનઆઈસીએમ સંસ્થામાં એમબીએનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા અને કુશળતાનો વિકાસ થાય તે 'પ્રયાસ-ઈનોવેટ ઓર સ્ટેગનેન્ટ' કાર્યક્રમ અંતર્ગત બજારમાં ઉપલબ્ધ ના હોય તેવી નવીન પરંતુ સમાજને ઉપયોગી હોય તેપ્રકારની પ્રોડકટ વિસાવવાનો બીઝનેસ પ્લાન પણ રજૂ કરવામાં આવ્યો હતો. આ તમામ પ્રોજેકટનું ડૉ. ભૌમિક નાયક તથા ડૉ. કિંજલકુમાર મિસ્ત્રીએ મૂલ્યાંકન કરી તેને વધુ સારી



હેતુથી છેલ્લા છ વર્ષથી 'પ્રયાસ' નામે એક પ્રોજેકટ કાર્યરત છે. આ વર્ષે પ્રયાસમાં વિદ્યાર્થીઓના વિવિધ ૨૪ ગ્રુપ દ્વારા એકથી એક ચઢિયાતી સમાજોપયોગી પ્રોડકટસ તૈયાર કરી રજુ કરવામાં આવી હતી. પડકાર વિદ્યાર્થીઓને આપવામાં આવે છે. આ અંતર્ગત આ વર્ષે વિદ્યાર્થીઓએ જુદી જુદી પ્રોડકટસ તથા સર્વિસ મળીને ૨૪ જેટલી કૃતિઓ તૈયાર કરી હતી જે માટે જરુરી ફાઈનાન્સ, માર્કેટીંગ સ્ટ્રેટેજી તથા માનવીય સંશાધન સાથેનો બનાવી શકાય તે માટે અભિપ્રાય આપ્યા હતા. એનઆઈસીએમના ટ્રસ્ટી તથા સંસ્થાના વડા ડૉ. બી.કે. નિર્મલના માર્ગદર્શન હેઠળ ડૉ. ઉર્વી અમીન અને પ્રો. હીના થાનકી દ્વારા આ કાર્યક્રમ સફળ રીતે સંપન્ન કરાયો હતો.

# શિક્ષણ સાથે સંસ્કાર પણ જરૂરી

આજના અત્યાધુનિક સમયમાં યુવાનો ખુબ ઝડપથી પ્રગતિ કરી રહ્યા છે. જે પ્રસંશનીય બાબત છે. પ્રત્યેક સમયે બદલાવ જરૂરી છે. નવા સોપાનો સર કરવા નવા આવિષ્કારોનો સ્વીકાર કરવો જોઈએ. પણ તેની સાથે વડીલોને આદર, માન-સન્માન આપવાનું ન ભુલવું જોઈએ. પરંતુ આજની પેઢી આ તમામથી વિમુખ થતી જાય છે. તેનો તાદશ્ય નમુનો આજરોજ જોવા મળ્યો. થયું એવું કે સે. ૧૬ સ્થિત બેંક ઓફ ઈન્ડિયા સામેના રસ્તા પર બે કાર ચાલકોની ગફલતને લીધે ટ્રાફિક જામ થઈ ગયો. જેમાં એક કારચાલક સીનીયર સીટીઝન હતા, જ્યારે બીજા કારચાલક યુવાન હતો. પહેલા તો કોણે કાર ખોટી પાર્ક કરી એ સમસ્યા ઉભી થઈ અને પછી શરૂ થયો દાદાગીરીનો દોર. વડીલ કારચાલકે યુવાનને કહ્યુ કાર હટાવી લે. ત્યાં તો ગરમ લોહી ઉકળી ઉઠ્યુ અને તુ... તારી ના સંવાદો શરૂ થયા. બંને તરફથી બતાવી દઉ, ખબર પાડી દઉ, જેવા વાકબાણોનો વરસાદ શરૂ થઈ ગયો. આ માથાકુટમાં રસ્તા પર ટ્રાફિકજામ... નજરે જોનારે જોયું કે યુવાન કારચાલક વધુ પડતું બોલતો અને વડીલનો હાથ પકડી ગુસ્સો કરતો હતો. તેવામાં એક સમજુ નગરજને દરમિયાન કરી ઝઘડો શાંત પાડ્યો. પરંતુ ત્યાં સુધીમાં તો યુવાને પણ ખુબ જ અપમાનજનક શબ્દોનો પ્રહાર કર્યો. જેને કારણે વડીલ કારચાલકને માઠુ લાગ્યુ. સમજાવ્યું કે પિતાની ઉંમરના વ્યક્તિઓને આમ ન બોલાય. પરંતુ સાંભળે કોણ, જેમ તેમ કરી મામલો શાંત તો થયો. પણ યુવાવર્ગની આવી માનસિક હંમેશા લડાઈ, ઝઘડો કરવા તત્પર રહેવું એ યોગ્ય નથી.

# અરવલ્લીમાં બે લાખથી વધુનો દારૂ પકડાયો

અરવલ્લી, તા. ૨

અરવલ્લી જિલ્લા એલ.સી.બી. પોલીસે ચારણવાડા ગામની સીમમાંથી બુધવારે રાત્રીના ૮-૩૦ વાગ્યાના સુમારે સ્વીફ્ટ ડિઝાયર કાર(ગાડી.નં-જીજે-૨૭.એએચ-૭૨૨૪)માંથી વિદેશી દારૂની પેટી નંગ-૨૩ તથા છૂટી બોટલ નંગ- ૬૦ મળી કુલ નંગ-૩૩૬ જેની કિંમત રૂપિયા૧૩૪૪૦૦ અને સ્વીફ્ટ ડિઝાયર કારની કીં, રૂ.૩૦૦૦૦૦ મળી કુલ રૂ.૪૩૪૪૦૦ નો મુદ્દામાલ ઝડપી પાડી ફરાર કાર ચાલાક વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી તપાસ મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનને સોંપતા મોડાસા રૂરલ પોલીસ કાર ચાલકને ઝડપી પાડવા ચક્રોગતિમાન કર્યા હતા.

મોડાસા રૂરલ પોલીસે રાજેન્દ્રનગર ચોકડી નજીક ગઢડા ગામની સીમમાંથી બુધવારે રાત્રીના સુમારે જીપ ડાલામાંથી (ગાડી.નં- આરજે.૨૭-જીસી-૧૦૧૭)માંથી ગેરકાયદેસર વગર પાસ પરમિટનો વિદેશી દારૂ અને બિયરનો જથ્થો કુલ નંગ-૫૨૮ કી. રૂ. ૭૬૮૦૦ તથા અશોક લોલેન્ડ દોસ્ત ડાલુના કી. રૂ. ૫૦૦૦૦૦ તથા મોબાઈલ નંગ-૧ કીં. રૂ. ૧૦૦૦ મળી કુલ રૂ. ૫૭૭૮૦૦નો મુદ્દામાલ ઝડપી પાડી મોતીલાલ ઉર્ફે લોગર રતનજી ઓડ, શાહરુખ મહંમદ અશરફ મહંમદ સિંધી(બંને રહે. ઉદેપુર, રાજસ્થાન)ને ઝડપી પાડી શંકર (રહે. નાથદ્વારા) અને મનોજ (રહે. વડોદરા) વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી બંને ફરાર આરોપીઓને ઝડપી પાડવા કાર્યવાહી હાથ ધરી હતી.



# ટીટોઈ બજારમાં અજાણ્યો બાઈક સવાર મહિલાના ગળામાંથી સોનાનો દોરો ખેંચી ફરાર

મોડાસા, તા. ૨

અરવલ્લી જિલ્લામાં મોડાસા તાલુકાના ટીટોઇ ગામે આજે સવારે ભર બજારમાં કોઈ અજાણ્યો બાઈક સવાર બાઈક ઉપર પસાર થતી મહિલાના ગાળામાંથી બે તોલા સોનાનો દોરો ખેંચી કુશકી રોડ ઉપર ફરાર થઈ જતા ચકચાર મચી ગઈ છે. પોતાના પિયર ખોડંબાથી ટીટોઇ ગામે સાસરીમાં બાઈક ઉપર આવી રહેલી મહિલાના ગળામાંથી સોનાનો દોરાની તડફચીની આ ઘટના ટીટોઈમાં ગામના ભરચક બજારમાં કોઠારી હાઈસ્કૂલથી બજાર તરફના રસ્તે પ્રાથમિક શાળાથી થોડે દુર બનવા પામી હતી. ટીટોઈ ગામે સાસરી ધરાવતી નીતાબેન નિકુંજ લાલાભાઈ પટેલ પોતાના પતિ નિકુંજની બાઈક ઉપર આજે સવારે પિયર ખોડંબા ગામેથી ટીટોઈ પરત ફરી રહી હતી. ત્યારે એમની બાઈક રેલવે ફાટકના રસ્તે થઈ ટીટોઈ ગામમાં પ્રવેશીને પી.એમ. કોઠારી હાઈસ્કૂલ આગળ થઈ પ્રાથમિક શાળા નજીક ભર બજાર પાસેથી પસાર થઈ રહી હતી ત્યારે ફિલ્મી ઢબે પાછળથી આવેલ અજાણ્યા શખ્સો પૈકીના એક શખ્સે આગળ બમ્પને લીધે ધીમી પડેલી બાઈક ઉપર



પાછળ બાળકને ખોળામાં રાખી બેઠેલી મહિલા નીતાબેનના ગળામાંથી બે તોલા સોનાનો દોરો ખેંચી જોતજોતામાં કુશકી રોડ ઉપર ફરાર થઈ ગયો હતો.

બનાવ પછી લોકોએ બુમાબુમ કરવા છતાં એ અજાણ્યા શખ્સો ફરાર થઈ જતા ટીટોઇ આઉટ પોસ્ટ સ્ટેશને ફરિયાદ કરવા જતાં કલાકો સુધી ફરિયાદ નહિ લેવાતા આખરે મોડાસા રૂરલ પોલીસ મથકે જઈ ગુનો નોંધાવવા તજવીજ હાથ ધરવામાં આવી છે. આ અગાઉ પણ ટીટોઈમાં આવો જ દોરો ખેંચવાનો બનાવ બન્યો હતો. પણ પોલીસે તેની પણ ફરિયાદ નોંધી ન હતી. આમ ટીટોઈમાં આ પ્રકારના બીજા બનાવ પછી લોકોમાં સ્થાનિક પોલીસ માટે ભારે રોષ પ્રગટી ઉઠ્યો છે.

### અક્ષરધામ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

હોય તેવી નિરાંત થાય છે. આનંદ સ્વામીએ પણ અક્ષરધામ મંદિરના નિર્માણ વેળાએ પત્થરથી મંદિર જડવાની પ્રમુખ સ્વામીની ખેવના વ્યકત કરી મંદિર પરિસરના નિર્માણમાં પ્રમુખ સ્વામી બાપાના સુચનોને યાદ કરી મંદિરના શિખરને અષ્ઠકોઈ બનાવવાના તેમની વાત યાદ કરી હતી. અક્ષરધામના રજત જયંતિ મહોત્સવ પ્રસંગે અક્ષરધામ સનાતનમ શો નિહાળી હરિભકતો દંગ રહી ગયા હતા. હાથમાં રાષ્ટ્ર ધ્વજ સાથે મોટી સંખ્યામાં હરિભકતોએ હાજરી આપી હતી. અંતે મોટી સંખ્યામાં ઉપસ્થિત હરિભકતોએ હાથમાં દિવડા પ્રજવલિત કરી મહાઆરતી કરી હતી.




હાર્દિક અભિનંદન
ગાંધીનગર "ભારતીય જનતા પાર્ટી"
દ્વારા સ્નેહમિલન સમારંભમાં
શ્રી બી.એસ.પટેલ સાહેબને સાલ
ઓઢાડીને સન્માન કર્યુ તથા
શ્રી બાવન ગોળ કડવા પાટીદાર
સમાજમાં પ્રમુખ સ્થાને રહીને
સેવાઓ આપવા બદલ અને ભારતીય
જનતા પાર્ટીમાં સેવાઓ આપવા
બદલ બે-બે પુરસ્કારથી નવાજયા.
જેથી સમાજ તેમજ ભારતીય જનતા
પાર્ટી તેમના ઉપર ગૌરવ અનુભવે છે.
શ્રી બાબુભાઈ એસ.પટેલ
ચેરમેનશ્રી-અશ્વમેઘ કોર્પોરેશન
શુભેચ્છક
પટેલ શૈલેષભાઈ બી. પટેલ પરેશભાઈ બી.
તથા શ્રી બાવન ગોળ કડવા પાટીદાર સમાજ પ્રાંતિજ/તલોદ
ભકતા પરીવાર પોગલું
તથા પોગલું સમસ્ત ગ્રામજનો